




અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૧૨-૦૫-૨૦૨૪ રવિવાર


# અવધ ટાઇમ્સ


AVADH TIMES GROUP

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સઃ ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ વૈશાખ સુદ ૫ વર્ષ : ૨૮ અંક ૨૩૧



જુનામાં જુનુ એટલે...
ઇબ્રાહીમભાઇનું
ઝનકાર
બ્રાસ બેન્ડ
અમારી કોઇ બીજી શાખા નથી
જેન્ટસ ગાયક કલાકાર સાથે બેન્ડ ડબલ ઘોડાની બગી મળશે
એક જ સરખો ૧૦૦ માણસોનો સ્ટાફ
ધાર્મિક તહેવારો માટે ૧૦ ટકાનું વળતર મળશે
સંપર્ક : મો.૯૯૨૫૪ ૬૪૪૬૭ / ૮૭૫૮૩ ૧૪૩૦૪
સરનામું :- ચાંદની ચોક, અમરેલી



## લાખ... લાખ.. અભિનંદન



**શ્રી દિલીપભાઇ એન.સંઘાણી**
ચેરમેન - ઇફ્કો

અમરેલી જીલ્લામાં ભા.જ.પ. નાં સ્થાપક અને ઇફ્કો જેવી દેશની સૌથી મોટી મલ્ટીનેશનલ સહકારી સંસ્થાનાં ચેરમેન બની અમરેલી જીલ્લાનું તેમજ ગુજરાતનું ગૌરવ વધારનાર સહકારી સંસ્થાના ભીષ્મપિતામહ એવા **માન.શ્રી દિલીપભાઇ સંઘાણી** ને તેમના ૭૧ માં જન્મદિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

-:: શુભેચ્છક ::-

શૈલેષભાઇ બી.સંઘાણી — ચેરમેન
સુરેશભાઇ એમ.રોકડ — વા.ચેરમેન
તુષારભાઇ એચ.હપાણી — સેક્રેટરી
પી.પી.સોજીત્રા — ડિરેક્ટર

સમગ્ર બોર્ડ ઓફ ડિરેક્ટર

**શ્રી સરદાર વલ્લભભાઇ પટેલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ - અમરેલી**



અમરેલી - સાવરકુંડલા - રાજુલા - લાઠી માટે
ગુજરાત ગેસના ઘરે-ઘરે ફરીને ગેસના બીલ બનાવવા માટે
**છોકરાઓ જોઈએ છે**
ઘરે-ઘરે ફરીને નવા રજીસ્ટ્રેશનનું માર્કેટીંગ કરી શકે તેના માટે
**છોકરીઓ જોઈએ છે**
અભ્યાસ : ૧૦ પાસ • પગાર : ૧૦,૦૦૦ + પેટ્રોલ
એન્ડ્રોઇડ મોબાઇલ તથા બાઇક હોવું જરૂરી છે.
Mo. 96628 77845


## અમરેલી જીલ્લાનું એસએસસીનું પરીણામ ૭૮.૩૧ ટકા (૨)


ખરજવાની જળો દ્વારા અપાતી અકસીર સારવાર



સુકા, તથા લીલા ખરજવા, ધાધર, શીળસ, ખુજલી, ખસ, લોહી, ગંઠાઈ જવું પાકી ગયેલ રસોળી, ગડગુમડ, સફેદ ડાઘ, સોરાયસીસ, સાંધાનો-વાનો માથાનો દુઃખાવો, ખીલ, વાઢીયા, કરોળીયા, હર્પીસ, હરસ-મસા-ભગંદર, જેવા હઠીલા રોગોના જળો દ્વારા ખરાબ લોહી ચુસીને 100% મટાડી શકાય છે.
✚ કૈલાશ કલીનીક ✚
જળો દ્વારા કુદરતી ઉપચાર કેન્દ્ર
ડો. એલ.એલ. બાવળીયા B.A.M.S., M.D. (H.M.)
ડો. ભરત એલ. બાવળીયા B.A.S.M., M.D. (H.M.)
હનુમાન પરા રોડ, મોહન નગર, અમરેલી. ફોન :- (૦૨૭૯૨) ૨૩૨૫૭૫








ઈમરજન્સી સારવાર....
- હૃદયરોગ - ખાપા
- શ્વાસ - દમ - ન્યુમોનિયા
- પક્ષઘાત - પેરાલીસીસ - આંચકી
- પોઈઝન - સર્પદંશ
- ડાયાબિટીસ - કીડની - લીવરની તકલીફ વગેરે



૨૪X૭ કલાક ઇમરજન્સી સારવાર
ડૉ. રાજન કકૈયા (એમ.ડી.)
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૯૩૦૦૦



# MODI SCHOOL

SINCE 1999 · 25 YEARS

## બોર્ડ – JEE – NEET ના પરિણામ માં મોદી સ્કૂલની સર્વશ્રેષ્ઠતા બરકરાર

### GSEB 10th Year 2024
BOARD 1st 99.99 PR ▸ 2 વિદ્યાર્થીઓ
99.99 PR નિશાંત કોટડીયા — BOARD 1st — જલપરી માકડીયા 99.99 PR
BOARD TOP TEN ▸ 20 વિદ્યાર્થીઓ
A1 Grade ▸ 301 વિદ્યાર્થીઓ
Subject 100/100 ▸ 161 વિદ્યાર્થીઓ

### GSEB 12th Commerce & Arts 2024
BOARD TOP TEN ▸ 5 વિદ્યાર્થીઓ
BOARD 7th 99.93 PR Harsh Mehta
BOARD 7th 99.93 PR આયુષી ચૌહાણ
BOARD 7th 99.93 PR ભુમિકા દવે
BOARD 8th 99.92 PR માનસી પટોળીયા
BOARD 10th 99.90 PR કૃપા મણીયાર
99+ PR ▸ 52 વિદ્યાર્થીઓ
A1 Grade ▸ 71 વિદ્યાર્થીઓ
Subject 100/100 ▸ 35 વિદ્યાર્થીઓ
CLAT, IPMAT, CA Foundation માટેની Std. 11 થી જ અલાયદી બેચ

### GSEB 12th Science 2024
BOARD 1st 99.99 PR ▸ 2 વિદ્યાર્થીઓ
TRIPLE ACHIEVEMENT 99.99 All + Sci. + Theory PR — Milan Gojiya
BOARD 1st
99.99 GUJCET PR — પાર્થ ભલાણી
BOARD TOP TEN 9 વિદ્યાર્થીઓ
BOARD 3rd 99.97 All PR ધૈર્યા બોસમીયા
BOARD 3rd 99.97 Theory PR ઋષાંગ ચડોતરા
BOARD 3rd 99.97 GUJCET PR વેદ ખાત્રા
BOARD 6th 99.94 GUJCET PR રાજવીર સીસોદીયા
BOARD 8th 99.92 Science PR માહી દોમડીયા
BOARD 9th 99.91 Theory PR સાખી મણવર
BOARD 9th 99.91 Theory PR Tanvi Mehta
A1 Grade ▸ 20 વિદ્યાર્થીઓ
99+ PR ▸ 103 વિદ્યાર્થીઓ
Subject 100/100 ▸ 17 વિદ્યાર્થીઓ
GUJCET 100+ ▸ 263 વિદ્યાર્થીઓ

### JEE Main 2024
99+ PR 65 વિદ્યાર્થીઓ
98+ PR 112 વિદ્યાર્થીઓ
95+ PR 238 વિદ્યાર્થીઓ
સૌરાષ્ટ્ર–કચ્છમાં સૌથી વધુ
All INDIA 1st 100%ile ⇨ 8 Students

### NEET 2024
Expected Result (out of 720 marks)
600+ Marks 118 વિદ્યાર્થીઓ
સૌરાષ્ટ્ર–કચ્છમાં સૌથી વધુ
મેડિકલ, ડેન્ટલ, આયુર્વેદ, હોમિયોપેથીમાં પ્રવેશ માટે NEETના માર્ક ગણાય (બોર્ડ+GUJCETના નહીં)

*Admission available for*
RE-NEET & RE-JEE
Batch starts from
રાજકોટ + જામનગર શહેર 23 May, 2024
રાજકોટ (ઈશ્વરીયા બોર્ડીંગ) 3 June, 2024
Scan QR
બોયઝ તથા ગર્લ્સ માટે અદ્યતન હોસ્ટેલ સુવિધા

ADMISSIONS OPEN for Std. 11th
CBSE + GSEB(Eng. + Guj. Med.)
Science | Commerce | Arts
રાજકોટ સીટી બ્રાન્ચ(કોમર્સ) 70690 05243
રાજકોટ સીટી બ્રાન્ચ(સાયન્સ) 70690 05242
ઈશ્વરીયા બોર્ડીંગ બ્રાન્ચ 70690 05288
જામનગર બ્રાન્ચ 70690 80808

## માધ્યમીક શાળા પ્રમાણપત્ર પરીક્ષા એસએસસી બોર્ડનું પરીણામ જાહેર : સમગ્ર બોર્ડનું પરીણામ ૪૯.૦૬ ટકા

# અમરેલી જીલ્લાનું એસએસસી બોર્ડનું ૭૮.૩૧ ટકા પરીણામ

**અમરેલીમાં ૭૮.૧૮, બગસરા ૮૯.૭૦ ,ધારી ૬૫.૦૮, કુંકાવાવ ૮૩.૩૩, લાઠી ૬૩.૭૩, રાજુલા ૭૫.૧૭, કુંડલા ૭૧.૫૫, ચલાલા ૬૭.૦૦, બાબરા ૭૦.૪૧, વડીયા ૯૧.૭૧, લીલીયા ૮૭.૬૧, ખાંભા ૭૭.૧૨, મોટા ઉજડા ૭૬.૩૨, દામનગર ૮૭.૩૩, જાફરાબાદ ૭૫.૨૯, બાઢડા ૮૭.૯૯, જાળીયા ૯૪.૪૫, મોટા આંકડીયા ૮૯.૧૬, ટીંબી ૯૦.૯૪, વિજપડી ૮૮.૪૬, વંડા ૭૮.૨૭, દેવકા ૭૪.૬૬, મોટા દેવળીયા ૫૭.૯૩, ડેડાણ ૯૦.૫૫, કરીયાણા ૮૫.૭૧, નાગેશ્રી ૯૪.૯૭ ટકા પરીણામ આવ્યું**

### અમરેલી જીલ્લાના ૨૦ પરીક્ષા કેન્દ્રોમાં સૌથી વધુ જાળીયા કેન્દ્રનું ૯૪.૪૫ અને સૌથી ઓછુ મોટા દેવળીયા કેન્દ્રનું ૫૭.૯૩ ટકા પરીણામ આવ્યું

### જીલ્લામાં ૧૩૯૦૯ વિદ્યાર્થીઓ માંથી એવનમાં ૩૯૬ અને એટુમાં ૧૫૧૮ અને બીવનમાં ૨૩૫૬ પાસ થયા

અમરેલી,અમરેલી જીલ્લાનું ધો.૧૦ એસએસસી બોર્ડનું પરીણામ ૭૮.૩૧ ટકા આવ્યુંછે. માધ્યમીકશાળાપ્રમાણપત્રપરીક્ષા એસએસસી બોર્ડનું પરીણામ જાહેર થતા સમગ્રરાજ્યનુંબોર્ડનુંપરીણામ ૪૯.૦૬ટકા આવ્યું છે. જયારે અમરેલી જીલ્લાનું એસએસસી બોર્ડનું પરીણામ ૭૮.૩૧ ટકા આવેલ છે.જીલ્લામાં ૧૩૯૦૯ વિધાર્થીઓ માંથીએવનમાં૩૯૬અનેએટુમાં૧૫૧૮અને બીવનમાં૨૩૫૬ કુલપરીણામ ૭૮.૩૧ટકા આવ્યુંછે.જીલ્લાના અન્ય કેન્દ્રોનું પરીણામ પણ ઉત્કૃષ્ટ આવ્યુંછે. અમરેલીજીલ્લામાંસૌથીવધુ જાળીયા કેન્દ્રનું ૯૪.૪૫ અને સૌથી ઓછુ મોટાદેવળીયાકેન્દ્રનું૫૭.૯૩ટકાપરીણામ આવ્યું છે.જીલ્લાના અન્ય કેન્દ્રોના પરીણામ મુજબઅમરેલીજીલ્લાના ૨૦પરીક્ષાકેન્દ્રોમાં સૌથી વધુ જાળીયા કેન્દ્રનું અને સૌથી ઓછુ મોટાદેવળીયાકેન્દ્રનું૫૭.૯૩ટકાપરીણામ આવ્યું છે.જયારે અન્ય કેન્દ્રોમાં કેન્દ્ર વાઈઝ મળેલપરીણામમુજબઅમરેલીમાં૭૮.૧૮, બગસરા ૮૯.૭૦,ધારી ૬૫.૦૮, કુંકાવાવ ૮૩.૩૩, લાઠી ૬૩.૭૩, રાજુલા ૭૫.૧૭, કુંડલા ૭૧.૫૫, ચલાલા ૬૭.૦૦, બાબરા ૭૦.૪૧,વડીયા૯૧.૭૧,લીલીયા૮૭.૬૧, ખાંભા ૭૭.૧૨, મોટા ઉજડા ૭૬.૩૨, દામનગર ૮૭.૩૩, જાફરાબાદ ૭૫.૨૯, બાઢડા ૮૭.૯૯, જાળીયા ૯૪.૪૫, મોટા આંકડીયા૮૯.૧૬,ટીંબી૯૦.૯૪,વિજપડી ૮૮.૪૬,વંડા૭૮.૨૭,દેવકા૭૪.૬૬,મોટા દેવળીયા૫૭.૯૩,ડેડાણ૯૦.૫૫,કરીયાણા ૮૫.૭૧, નાગેશ્રી ૯૪.૯૭ ટકા પરીણામ આવ્યુંછે.

# સુરજદેવળ ખાતે કાઠી ક્ષત્રિય સમાજના નકોડા ઉપવાસના પારણા કર્યા : રાત્રે સંતવાણી યોજાઇ

**શ્રી પરસોતમ રૂપાલા, શ્રી કબરાવ સામતબાપુ, શ્રી મનુમા ચીરોડા તથા શ્રી વાલબાઈ સહિતની ઉપસ્થિતિ**




રાજુલા, (કનુભાઈ વરૂ)

પાંચાળ ધરતીમાં નવા સુરજ દેવળ ખાતે ભવ્ય યુવા કાઠી ક્ષત્રિય સમાજ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું આ વર્ષે હજારોની કાઠી ક્ષત્રિય સમાજની ઉપસ્થિતિ હતી પ્રથમ દિવસે ભવ્ય ઘોડા સાફા પહેરેલ યુવાનો દ્વારા રથયાત્રા નીકળી હતી બાદ રાત્રિના ભવ્ય લોક ડાયરા નું આયોજન કર્યું આ સુરજદેવળ ખાતે આઈ શ્રી વાલબાઈ આઈ મા શ્રી મનુમા તથા વાવડી તથા પરસોત્તમભાઈ રૂપાલા અનેક રાજકીય મહાનુભાવોનીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ વર્ષે સૂર્ય યુવા ગ્રુપ દ્વારા ખૂબ જ મહેનત કરેલ હોવાથી અઢળક મહેમાનો જોવા મળ્યા હતા જેમાં રાત્રિના કલાકારો શ્રી બીરજુ બારોટ તથા કવિ દાદ ના પુત્ર જીતુદાન ગઢવી તથા દેવાયતભાઈ ખવડ તથા ઉદયભાઈ ધાધલ તથા રણજીતભાઈ વાંક તથા તથા બીજરાજદાન ગઢવી તથા મહેમાન કલાકારો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી અને રાત્રિના ડાયરા ની જમાવટ કરી હતી અને હજારો મેદની ડાયરા નો લાભ લીધો હતો આજે બપોરે ત્રણ દિવસથી નકોડા ઉપવાસ રહ્યા હતા તેવા કાઠી દરબારો સુરજ નારાયણ ના સાનિધ્યમાં પારણા કરવામાં આવ્યા હતા.

આ વખતે સૂર્ય દાદાનું મંદિર એટલું બધું કલાત્મક કર્યું હતું કે પાંચ કિલોમીટર સુધી લાઈટોની ડેકોરેશન જોવા મળતું હતું અને ભવ્ય લોક ડાયરો લાઈવ હોવાથી સૌરાષ્ટ્ર ભરના ના કાઠી ક્ષત્રિય સમાજ એ ઘરે બેઠા ડાયરા નો લાભ જોવા મળ્યો હતો કબરાઉ થી આવેલા મોગલ ધામના એવા સામત બાપુ ચારણ તથા પાળીયાદ જગ્યાના પ્રતિનિધિ શ્રી ભયલુ બાપુ દ્વારા કાઠી યુવા ગ્રુપ તથા ગૌશાળા ગ્રુપ તથા વ્યવસ્થા વગેરેનું સામત બાપુએ બહુમાન કરી અને આશીર્વાદ આપ્યા હતા આ પ્રસંગે પુરુષોત્તમભાઈ રૂપાલા તથા આઈ મા શ્રી મનુમા સુરજદાદા અને રન્નાદેની આરતી ઉતારી હતી

આ વખતે સુરત દેવળમાં કાઠી ક્ષત્રિય યુવા ગ્રુપ સુર જ દેવળ મંદિર ટ્રસ્ટ તથા ગૌશાળા ટ્રસ્ટના યુવાનો દ્વારા ભારે જહમત ઉઠાવી હતી. પાળીયાદ ધામનાં મહંત ૧૦૦૮ પુજ્ય શ્રી નિર્મળાબાનાં વરદ હસ્તે ગૌશાળાનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. સુરજદેવળ ને કલાત્મક શણગાર રાત્રિના ડાયરો જોતી વખતે મંદિર અને સુરજદાદાના કલાત્મક શણગાર પણ જોઈ અને કાઠી ક્ષત્રિય સમાજમાં હર્ષ ની લાગણી હતી આ વર્ષે નામે અનામી સંતો રાજકીય મહાનુભાવો ખૂબ જ જોવા મળ્યા હતા ગત વર્ષ કરતા આ વર્ષે ખૂબ જ સંખ્યામાં નકોડા ઉપવાસ લાભ લીધો હતો સમગ્ર કાઠીયાવાડ નો કાઠી સમાજ ના આગેવાનો સ્વયંભૂ ઉપસ્થિત રહ્યા હતા.


## અભિનંદન સહ શુભકામનાઓ



**શ્રી દિલીપભાઇ એન.સંઘાણી**
ચેરમેન - ઇફકો

અમરેલી જીલ્લામાં ભા.જ.પ. નાં સ્થાપક અને ઇફકો જેવી દેશની સૌથી મોટી મલ્ટીનેશનલ સહકારી સંસ્થાનાં ચેરમેન બની અમરેલી જીલ્લાનું તેમજ ગુજરાતનું ગૌરવ વધારનાર સહકારી સંસ્થાના ભીષ્મપિતામહ એવા માન.શ્રી દિલીપભાઇ સંઘાણી ને તેમના ૭૧ માં જન્મદિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

-:: શુભેચ્છક ::-

જયેશભાઇ એમ.નાકરાણી – ચેરમેન
ભાવિનભાઇ જે.સોજીત્રા – વા. ચેરમેન
શૈલેષભાઇ બી.સંઘાણી – એમ.ડી.
દિલીપભાઇ વી.ધોરાજીયા – મેનેજર
પી.પી.સોજીત્રા – ડીરેક્ટર

સમગ્ર બોર્ડ ઓફ ડિરેક્ટર

**અમરેલી નાગરીક સહકારી બેંક લી. - અમરેલી**

---

**ફાર્મ વેચવાનું છે**
હીલ ઉપર ફાર્મ અને તે પણ
કેરીઓથી ભરપુર આંબાઓ સાથે
૨૪ ગુંઠાના વિઘાવાળુ ૧૨ વિઘા ફાર્મ અને તે પણ હીલ ઉપર અને ફોરવ્હીલ ભરચોમાસે ટોચ ઉપર ચડી જાય તેવા રસ્તા અને ફેસેલીટીથી ભરપુર
લાભમ્ પ્રોપર્ટીઝ
મો.૯૪૨૮૯ ૭૦૯૫૪

---

સૌરાષ્ટ્રના સિનીયર
**ડો. ડબાવાલા સાહેબ**
ફેફસાના નિષ્ણાંત
COPD - સ્પાયરોમેટ્રી સુવિધા
અમરેલી. ૨૨૩૦૧૫ (૧૯૮૦ થી)

---

AMARON LASTS LONG. REALLY LONG.
મનસુખભાઈ મો. ૯૮૨૪૨ ૨૦૮૬૫
ભાણાભાઈ મો. ૯૪૨૮૯ ૭૦૬૫૨
જગદિશભાઈ મો. ૯૫૭૪૧ ૪૭૪૪૭
**પટેલ ટાયર એજન્સી**
એમરોન બેટરીના અમરેલી જીલ્લાના ઓથોરાઇડ ડીસ્ટ્રીબ્યુટર
અજમેરા સ્કૂલ બીલ્ડીંગ, મોટા બસ સ્ટેશન પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧

---

**ચીરંજીવી હાર્ટ કેર હોસ્પિટલ એન્ડ મેટરનીટી હોમ**
ડો. સ્નેહલ સી.પંડયા MD(Medicine)
ડો.નીશા એસ.પંડયા MD(Gynaec)
Phone H.225531 Mobile.9925426394
કેરીયા રોડ, અમરેલી. e-mail : chiranjivi_amr@yahoo.co.in

---

ઘર જેવું સ્વાદિષ્ટ જમવાનું અમરેલીમાં ફસ્ટનંબર જે તમને સ્વાદિષ્ટ અને સાત્વિક જમવાનું પીરસશે
**શ્રી ગણેશ ડાઈનીંગ હોલ : કેટરર્સ**
સતાધાર કોમ્પ્લેક્ષ,નાના બસ સ્ટેન્ડ પાસે,અમરેલી
ફો.ઓ.૨૨૧૬૩૩,મો.૯૩૭૭૪ ૪૮૫૩૯

---

**ડો.વિભાબેન વેલાણી**
**ડો.રોમી વેલાણી** M.B.B.S
સ્ત્રિઓ અને બાળકોના ડોક્ટર
સરકારી દવાખાના સામે, બાબરા
નોંધ :- નિઃસંતાન દંપતી સારવાર માટે સજોડે આવે તથા જુના રીપોર્ટ સાથે લાવવા (રવીવારે રજા)
મો.૯૪૨૭૫ ૫૭૭૯૪

---

શુભ પ્રસંગોમાં કેટરીંગ કામ કરી આપીશું
દરરોજ બપોરે... અલગ અલગ સ્વીટ ▪ ફરસાણ ▪ ૩ શાક ▪ દાળ-ભાત ▪ રોટલી ▪ છાશ ▪ પાપડ ▪ સલાડ
દરરોજ સાંજે... ૩ શાક ▪ કઢી - ખીચડી ▪ રોટલી - રોટલા ▪ ભાખરી ▪ છાશ ▪ પાપડ ▪ સલાડ
૧૯૯૮ થી આપની સેવામાં....
**જય ખોડીયાર ડાઈનીંગ હોલ**
શુધ્ધ કાઠીયાવાડી ભોજનનો રસથાળ
કિશોરભાઈ મો. ૯૯૯૮૪ ૩૯૫૫૦ રઘુવિરભાઈ મો. ૭૦૧૬૪ ૩૨૧૪૬
દુકાન નં. ૭/૮, પહેલો માળ, જુના માર્કેટયાર્ડના ગેઈટ પાસે, અમરેલી

---

ડો. વિવેક પી. જોષી
M.B.(સાયકીઆટ્રી)D.P.M.
MIPS,MIAPP
MOB.99099 41310
**એક્યમ ન્યુરો સાઇક્રીયાટ્રી હોસ્પિટલ**
મગજ, માનસીક રોગ, જાતીય નબળાઈ તથા વ્યસન મુક્તીનાં નિષ્ણાંત
પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી ફોન : (૦૨૭૯૨) ૨૨૪૨૨૪ / મો.૯૭૩૭૦ ૨૮૧૯૧

---

હોલસેલ તથા રીટેઈલમાં ખરીદવા માટે
UltraTech CEMENT The Engineer's Choice
સ્ટોકીસ્ટ
**ચંદારાણા ડીસ્ટ્રીબ્યુટર્સ**
માર્કેટીંગ યાર્ડ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૨ ૧૯૬૯૯

---

**અમરેલી તથા સુરત**
**ચકાભાઈ** ભેળવાળા ફુડ કોર્ટ
સ્વાદિષ્ટ વિવિધ ટેસ્ટમાં ભેળ,બર્ગર, પીઝા સેન્ડબીચ, વિગેરે અનેક વેરાઈટી
સીટી પોઈન્ટ કોમ્પલેક્ષ, મોટા બસ સ્ટેન્ડ સામે,અમરેલી.
મો. ૯૮૨૫૭ ૫૫૬૦૫

---

મહેશભાઈ રાયચા મો. ૯૪૨૯૫ ૩૯૨૪૧
કલ્પેશભાઈ રાયચા મો. ૯૪૨૯૫ ૩૯૨૪૨
મિઠાઈ તથા ફરસાણમાં સદાય નવીનતા આપવી એ અમારી પરંપરા
**શ્રી ભગવતી સ્વીટ માર્ટ**
જુની બજાર, જૈન દેરાસર પાસે, ટાવર રોડ,અમરેલી.
બ્રાન્ચ:- સંઘવી ધર્મશાળા, દુકાન નં. ૨,કિષ્ના પેટ્રોલપંપની બાજુમાં, અમરેલી.

---

**મેટ્રો કન્સલટન્ટ**
(ટેક્સ કન્સલટન્ટ)
વ્યાજબી પૈસા ઝડપી કામ
● એકાઉન્ટીંગ ● GST રીર્ટન ● I.T. રીર્ટન
સંપુર્ણ સેવા એક જ જગ્યાએ
માર્કેટયાર્ડ રોડ, હેડ પોસ્ટ ઓફીસની બાજુમાં, હરભોલે પાનની ઉપર, પહેલા માળે, અમરેલી.
મો.૯૩૭૬૬૫૮૬૫૨, ૯૩૭૪૨ ૩૦૨૩૧ ફોન: (૦૨૭૯૨) ૨૩૦૨૩૧

---

Coca-Cola
જીતુભાઈ પાથર ૯૮૯૮૦ ૫૨૯૭૭ ૯૯૯૮૧ ૧૬૬૬૬
**અર્જુન એજન્સીઝ**
એડ્રેસ : - ભુતીયા, ચિત્તલ રોડ, અમરેલી.

---

**વાડી વેચવાની છે**
૩૬ વિઘાની મુ.પીપળવા (ગીર) તા.ખાંભા, જી.અમરેલી
૯ વિઘા પણ મળશે
નીચેના નંબર પર સંપર્ક કરો
-:: સંપર્ક ::-
મો.નં.૯૪૨૬૨ ૪૩૪૩૪

---

**મકાન વેચાવ છે**
અમરેલીમાં ચિતલ રોડ તપોવન પાર્કમાં ઉપર ત્રણ બેડરૂમ, નીચે બેડરૂમ હોલ, કિચન, ફીક્સ ફર્નિચર, મોટુ ફળીયુ, કલર, પીઓપી કરેલ, ત્રણ બાજુ જગ્યા, અંદાજે ૧ વસા જગ્યામાં સંપુર્ણ સગવડતાવાળુ બંગલા ટાઇપ મકાન વેચવાનું છે
સંપર્ક : મો.૮૨૦૦૬ ૩૮૬૨૪

---

અમરેલીનું ગૌરવ **હોટલ રોયલ ફોરચ્યુન**
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

---

પાસપોર્ટ ફોટા ફક્ત રૂપીયા ૩૦ માં ૩૨ કોપી બધી મોટી સાઇઝ
૧૨ X ૧૮ ની સાઇઝનો ફોટો ફ્રેમ સહિત માત્ર ૩૦ મીનીટમાં
**શ્રી ખોડિયાર સ્ટુડિયો**
લીલીયા રોડ, ભીડભંજન મંદિરની સામે, અમરેલી
મો.૯૪૨૯૧ ૩૯૭૫૬

---

ત્રણ દાયકા જુના અને નિષ્ણાંત કુક
**શ્રી નિવાસ ડાઇનિંગ હોલ**
નું જમવાનું તો ભાઇ.. ભાઇ..
ફુલ ગુજરાતી થાળી
સવારનાં ૧૦:૩૦ થી બપોરનાં ૩:૦૦ સુધી મળશે
જેમાં બે શાક, એક કઠોળ, દાળ-ભાત, સંભાર (ઘર જેવુ જ જમવાનું) અમીનો ઓડકાર
સ્થળ : શ્રી નિવાસ ગેસ્ટ હાઉસ
રાજકમલ ચોક, અમરેલી મો.૯૪૨૬૪ ૩૮૩૫૬

---

**અમરેલીમાં પ્લોટ વેચવાનો છે**
ચક્કરગઢ રોડ, કાનાણીની વાડી પાસે, અક્ષર બંગલોઝની બાજુમાં, ૨૦ X ૩૩ ની સાઇઝનો રોડ કાંઠાનો મોકાનો પ્લોટ કસમાં વેચવાનો છે
-:: સંપર્ક ::-
મો.૯૫૧૦૩ ૩૬૮૮૯

A Tradition of Excellence

# સમત્વ

समत्वं योग उच्यते | योगः कर्मसु कौशलम् ||

# પ્રવેશ જાહેરાત

## ધોરણ : 11 સાયન્સ

(2024 - 2026)

GUJARATI & ENGLISH MEDIUM

NEET | JEE (Main + Advanced) | Guj-CET | Guj.Board

## Our success Journey in Three Years

## Why Samatva ?

**Guj. Board**
1 Student with Over all A1 Grade
90%tile or more 15 Students
2 Students scored 100 marks in Maths

**Guj-CET**
90%tile or more 37 Students
14 Students scored more than 100 marks

**JEE Main**
99%tile or more 3 Students (out of 11 Students)
AICR - 609, 971 & 2129


**NEET & JEE Advanced**
coming soon

**Guj. Board**
99.97%tile ( Gujarat - 3rd, Bhavnagar - 1st )

**Guj-CET**
99.89%tile

**JEE Main**
4 Students in NIT, 2 Students in DA-IICT (out of 8 Students)

**NEET**
697 / 720
Gujarat Category Rank (SE) - 1st
AICR - 74, AIR - 365




Establishment

**Guj. Board**
99.98%tile ( Gujarat - 2nd, Bhavnagar - 1st )

**Guj-CET**
99.96%tile (Gujarat - 4th)

**JEE Main**
AICR - 662, AIR - 5396

**JEE Advanced**
AICR - 486, AIR - 4252

**NEET**
657 / 720, AICR - 336, AIR - 3172
656 / 720, AICR - 1829, AIR - 3270

**KVPY**
AIR - 1295, AIR - 1508

**VITEEE**
AIR - 992

**BITSAT**
2 Student Qualified

VIVEK-2224142

**ધોરણ 10 માં A1 Grade મેળવતા વિદ્યાર્થીની બે વર્ષની કુલ ફી. 50000/-**

Admission Seminar | 11th-12th Science Daily Schedule | Why SAMATVA ?

ભાઈઓ તથા બહેનો માટે સંસ્થા દ્વારા જ સંચાલિત હોસ્ટેલ સુવિધા.

પ્રવેશ કાર્ય શરૂ છે. (Gujarati & English Medium)

**ધોરણ : 8th, 9th & 10th | Re-NEET**

(Foundation + Guj. Board )

પ્રવેશ અંગે વધુ માહિતી મેળવવા સંસ્થાની રૂબરૂ મૂલાકાત કરશો.

Monday to Saturday, Time : 9 am to 5 pm

www.samatvaacademy.com

સમત્વ એકેડમી ઓફ સાયન્સ, સિદસર રોડ, ભાવનગર 364002. 84878 79885 90161 87969

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઈમ્સ
તા.૧૨-૦૫-૨૦૨૪ રવિવાર

# ભારતની બહાર હત્યા થાય અને પશ્ચિમી મીડિયા તેનો આરોપ ભારત પર લગાવે!

અમેરિકન દૈનિક 'વોશિંગ્ટન પોસ્ટ' ભારત પ્રત્યેના તેના પૂર્વગ્રહ માટે વધુ જાણીતું છે. તે એક અહેવાલ પ્રકાશિત કરે છે જેનું શીર્ષક છે-'અમેરિકાની ધરતી પર હત્યાનું કાવતરું મોદીના ભારતની કાળી બાજુને ઉજાગર કરે છે'. આવો લેખ ચૂંટણી ટાણે જ કેમ પ્રકાશિત કર્યો? અત્યારે આવા લેખ પાછળનું ટાઈમિંગ અને ઈરાદા પર પ્રશ્ન ઊઠે તે સ્વાભાવિક છે. ભારતની રાષ્ટ્રીય ચૂંટણીઓ દરમિયાન બહાર આવતા આ અહેવાલના સંયોગની નોંધ બધા લે છે. વધુમાં, અન્ય લેખોથી વિપરીત, 'આ વિશેષ' અહેવાલ મુક્તપણે ઉપલબ્ધ છે. અર્થાત આ જ અખબારના બીજા લેખો ઓનલાઈન વાંચવા હોય તો પેમેન્ટ કરવું પડે, પરંતુ આ લેખ મફતમાં બધા જ વાંચી શકે. આવું કેમ? જો કે, આ કોઈ પહેલીવારની ઘટના નથી. પશ્ચિમી મીડિયા અને એમાં પણ ખાસ કરીને યુનાઈટેડ સ્ટેટ્સમાં, ખાસ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વના ભારત અને એમની સરકાર વિરુદ્ધ સતત શાબ્દિક હુમલાઓ ચાલુ જ હોય છે. તે જ મહિને 'ધ ગાર્ડિયને' ૨૦૨૦થી પાકિસ્તાનમાં થયેલી '૨૦ હત્યાઓ'ના કેસમાં ભારતની સંડોવણીનો આક્ષેપ કરતી તેની પોતાની 'ખાસ' સ્ટોરી પ્રકાશિત કરી. ગયા વર્ષે વોશિંગ્ટન ડીસીમાં મોદીની મુલાકાત દરમિયાન પણ 'ધ ન્યૂ યોર્ક ટાઈમ્સે' 'ઈન હોસ્ટિંગ' શીર્ષકવાળા લેખ સાથે એમનું વ્યંગભેર સ્વાગત કર્યું હતું અને મોદી તથા બિડેને લોકશાહી સંબંધિત ચિંતાઓને પૃષ્ઠભૂમિમાં ધકેલી દીધી - એવો આરોપ લગાવ્યો હતો. 'ટાઈમ' મેગેઝિન તો એક ડગલું આગળ વધ્યું અને પ્રતિષ્ઠિત ગણાતા એ સામયિકે જાહેર કર્યું, 'ભારતની બગડતી લોકશાહી તેને અવિશ્વસનીય સાથી બનાવે છે'

ભારતની બહાર હત્યા થાય અને પશ્ચિમી મીડિયા તેનો આરોપ ભારત પર લગાવે! આ કઈ રીતે ગળે ઊતરે તેવી વાત છે? આ આરોપો વિશે જ્યાં સુધી સત્તાવાર તપાસ ન થાય અને આરોપખોરો તેનો ખુલાસો ન આપે ત્યાં સુધી ભારતે ચુપ બેસવું ન જોઈએ. જ્યારે ભારત સરકારે તેની ભૂમિકાને નકારી કાઢી છે અને તપાસમાં સહકાર આપી રહ્યું છે ત્યારે ભારતના સહકાર-વાદી વલણની નોંધ લેવાના બદલે પશ્ચિમી મીડિયા અને નિહિત હિતો દેશની છબી ખરાબ કરવાનું કામ કરી રહ્યા છે, જે વર્તમાન ચૂંટણીઓને સંભવિતપણે અસર કરે છે. આ સિનારિયો ચિંતાજનક છે, ખાસ કરીને તે લોકો માટે જે લોકશાહી, કાયદાના શાસન અને ઉદારવાદને જાળવી રાખવાનો પૂરતો પ્રયત્ન કરતા હોય.

પશ્ચિમી 'લિબરલ' સિસ્ટમનાં બેવડાં ધોરણો સ્પષ્ટ છે. એ લોકશાહી અને સ્વતંત્ર અભિવ્યક્તિનો ઉપદેશ આપ્યા રાખે છે, પરંતુ જ્યારે કોઈ સ્વતંત્ર રીતે આગળ વધી રહ્યું હોય અને તેની હામાં હા ન મિલાવે ત્યારે તેની અવગણના કરવામાં આવે અને તેનો વિરોધ કરવામાં આવે ત્યારે તેમની દોગલાબાજી જોવા જેવી હોય છે. તે આમ સલાહ આપશે કે ભારતે તેના પર થતી આલોચનાને ખેલદિલીપૂર્વક સ્વીકારવી જોઈએ પરંતુ એ જ અમેરિકન મીડિયા પોતાના ઘરના આંગણમાં એ જ પ્રકારનું ખોટું થઈ રહ્યું હોય તેને પ્રકાશિત નહિ કરે! આ મીડિયા વિપક્ષી નેતા સામે ફોજદારી માનહાનિના કેસ માટે ભારતના ન્યાયતંત્રની ટીકા કરે છે, પરંતુ જ્યારે ભૂતપૂર્વ યુએસ પ્રમુખની ધરપકડ કરવામાં આવી અને તેને દાબવાનો પ્રયાસ થયો તેને હાઈલાઈટ નહિ કરે..

સત્ય એ છે કે કેનેડા અને અન્ય પશ્ચિમી દેશોમાં ૧૯૮૦ના દાયકાથી ખાલિસ્તાની ઈકોસિસ્ટમ લાંબા સમયથી અસ્તિત્વમાં છે, તેની સરકારો દ્વારા મોટાભાગે અવગણના કરવામાં આવી છે. ૧૯૮૫ના એર ઈન્ડિયા બોમ્બ વિસ્ફોટ, જેમાં ઘણા લોકોએ જીવ ગુમાવ્યા, તે આ બેદરકારીનું પરિણામ હતું. તે દુર્ભાગ્યપૂર્ણ છે કે કેવી રીતે પશ્ચિમી મીડિયા હરદીપ સિંહ નિજ્જર જેવી વ્યક્તિઓના ગુનાહિત ભૂતકાળને હાઈલાઈટ કરે છે. ઘણાને આતંકવાદી અને આતંકવાદીને કાર્યકર્તા તરીકે રજૂ કરે છે. અલબત્ત, ભારત ધી બેસ્ટ અને પરફેક્ટ છે એવું કહેવાનો અર્થ નથી. આપણામાં પણ ઘણી ઊણપ છે જેને આપણે સાથે મળીને સુધારવાની છે અને એક બહેતર રાષ્ટ્રનું નિર્માણ કરવાનું છે.

### બજરંગ ગ્રુપ દ્વારા માંગણી કરાતા એટીવીટી યોજનામાંથી

# ધારીમાં સ્મશાન છાપરી બનાવવા માટે પાંચ લાખની ગ્રાન્ટ મંજુર કરાવતા ધારાસભ્ય શ્રી જે. વી. કાકડિયા

### ધારીમાં અંતિમ વિસામામાં યોગદાન આપનાર ધારાસભ્ય સહિત સૌનો આભાર માનતુ બજરંગ ગ્રૃપ



ધારી, (ઉદય ચોલેરા) ધારી ગામનું સ્મશાન વર્ષો પહેલા અત્યંત જર્જરીત હાલતમાં હતું ત્યારે બજરંગ ગ્રુપના કાર્યકર્તાઓ દ્વારા ઈ.૧૯૯૫માં ધારી અને હરીપરા ગામમાં સતત ત્રણ મહિના સુધી ઘર ઘર ફરી આશરે ૮ લાખ જેવો લોક ફાળો એકત્રિત કરેલ મુંબઈના દાતાશ્રીઓ તરફથી ૧,૫૦,૦૦૦ નું દાન આવેલ અને ધારી ગ્રામ પંચાયત દ્વારા ૧ લાખ મંજૂર કરવામાં આવેલ હતા તેમાંથી ધારી ગામના સ્મશાનનો જીર્ણોદ્ધાર કરવામાં આવેલ. અહી પ્રાર્થના હોલ સ્મશાન છાપરી અને કમ્પાઉન્ડ હોલ બનાવવામાં આવેલ આ કાર્યમાં ધારી ગામના દરેક હિન્દુ મુસ્લિમ ઘર દીઠ ફૂલ નહીં તો ફૂલની પાંખડી અનુદાન આપવામાં આવેલ છે ત્યારબાદ હાલમાં ડાઘુને બેસવા માટે ખુલ્લી છાપરી બનાવવા માટે ગ્રાન્ટની માગણી કરતા કર્મઠ, લોકપ્રિય ધારાસભ્ય શ્રી જે.વી. કાકડીયા અને શ્રી કેતનભાઈ સોની અને શ્રી લાલજીભાઈ સુખડિયા તથા અન્ય આગેવાનો દ્વારા ગ્રાન્ટ મંજૂર કરતા છાપરીનું કાર્ય શરૂ કરવામાં આવેલ છે અને સ્મશાનના આગળના ભાગમાં જે કચરાનો ઢગલો કરવામાં આવે છે એમની આગળ દિવાલ મંજૂર કરાવી આ જગ્યા પર ફૂલ ઝાડ રોપી આગળ બાંકડા નાખવામાં આવશે અને તેની સામેની સાઈડમાં વાહન પાર્કિંગ માટે વ્યવસ્થિત મેદાન બનાવવામાં આવશે. સ્મશાન છાપરી બનાવવા માટે ગ્રાન્ટ ફાળવવા બદલ ધારી ગામ સમસ્તે જે.વી. કાકડીયા તથા અન્ય આગેવાનોનો બજરંગ ગ્રુપ આભાર માને છે. તેમ શ્રી પરેશભાઈ પટ્ટણીએ જણાવેલ છે.

## ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા. ૧૨.૫.૨૦૨૪ રવિવાર, સંવંત ૨૦૮૦ વૈશાખ સુદ પાંચમ, આર્દ્રા નક્ષત્ર, ધ્રુતિ યોગ, બવ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ મિથુન (ક,છ,ઘ) રહેશે.

### મંગળ રાહુ યુતિ ધરાવતા મિત્રો હનુમાન વડવાનલ સ્તોત્રનો પાઠ કરી શકે

અગાઉ અત્રે લખ્યા મુજબ વાતાવરણમાં પલટો આવી રહ્યો છે તો સમગ્ર દેશમાં રાજકીય ગરમાગરમી ચાલી રહી છે વળી સરકાર નક્સલી સામે કડક કાર્યવાહી કરી રહી છે અને મંગળ રાહુ નજીક આવતા આગામી દિવસોમાં સીમા પર પણ કડક જવાબ આપવામાં આવશે અને અન્ય દેશમાં પણ એજન્સીઓ મોટા ઓપરેશન હાથ ધરતી જોવા મળશે. ગયા અંકમાં મંગળ રાહુ અંગારક યોગ વિષે લખ્યા બાદ અનેક મિત્રોએ પૃચ્છા કરી કે જન્મકુંડળીમાં અંગારક યોગ બનતો હોય ત્યારે તમે ક્યુ તે મુજબ સંઘર્ષ રહે છે તો શું કરવું! તો મંગળ રાહુ અંગારક યોગ




કઈ રાશિ માં અને ક્યાં સ્થાનમાં થાય છે વળી તેના પર કોની દ્રષ્ટિ પડે છે તે બધો નીર્ધાર કર્યા પછી તેનો સટીક ઈલાજ કરી શકાય પરંતુ સામાન્ય રીતે કોઈ પણ રાશિમાં કોઈ પણ સ્થાનમાં અંગારક યોગ બનતો હોય ત્યારે હનુમાનજીની આરાધના વિશેષ ફળદાયી નીવડે છે. ખાસ કરીને મંગળ રાહુ ધરાવતા મિત્રો હનુમાન વડવાનલ સ્તોત્રનો પાઠ કરી શકે જ્યારે ગોચર માં મંગળ રાહુ અંગારક યોગ ચાલતો હોય ત્યારે આ સાધના કરવાથી વિશેષ ફળ મળે છે અને મુશ્કેલીઓ દૂર થાય છે વળી કોર્ટ કચેરી કે અન્ય પ્રશ્નોમાં રાહત મળે છે.

મેષ (અ,લ,ઈ) : તમારા રસ-રુચિમાં આગળ વધી શકો, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
વૃષભ (બ,વ,ઉ) : પરિવાર માટે વિચારવા નો સમય મળે, સામાજિક કૌટિમ્બિક કાર્ય કરી શકો, દિવસ પ્રગતિકારક રહે.
મિથુન (ક,છ,ઘ) : તમારા વ્યક્તિત્વને નિખાર આપી શકો, અંગત વ્યક્તિઓ સાથે મતભેદ નિવારી શકો, આનંદ દાયક દિવસ.
કર્ક (ડ,હ) : માનસિક વ્યગ્રતાનો અનુભવ થાય, નેગેટિવ વિચારો ટાળવા સલાહ છે, દિવસ એકંદરે સારો રહે.
સિંહ (મ,ટ) : નજીક ના સ્થળોએ જવા આવવાનું થાય, નવા લોકો સાથે મળવાનું બને, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
કન્યા (પ,ઠ,ણ) : કામકાજ સારી રીતે પૂર્ણ કરી શકો, પરિવાર સાથે સમય વિતાવી શકો, આનંદ માણી શકો, શુભ દિન.
તુલા (ર,ત) : લાંબા સમયથી અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, તમારા કાર્ય માં ઈશ્વરી સહાય પ્રાપ્ત થાય, કામ માં સફળતા મળે.
વૃશ્ચિક (ન,ય) : જીવનમાં પરિવર્તન ની શરૂઆત થતી જોવા મળે, મનોમંથન કરી શકો, પોઝિટિવ વિચારો થી લાભ થાય.
ધન (ધ,ભ,ફ,ઢ) : જુના પ્રશ્નોનો હલ કરી શકો, તમારા અંદરૂની મામલા નિપટાવી શકો, દિવસ સફળ રહે.
મકર (ખ,જ) : વિશ્વાસપાત્ર વ્યક્તિ સાથે સમય વિતાવવો, કુસંગત અને વ્યસન થી દૂર રહેવા સલાહ છે, વાણી માં સંયમ રાખવો.
કુંભ (ગ,સ,શ) : વિદેશ જવા ઈચ્છતા મિત્રોને સારું રહે, વિદ્યાર્થીવર્ગને સારું રહે, ઉચ્ચ અભ્યાસ માં સારું કામ કરી શકો.
મીન (દ,ચ,ઝ,થ) : શત્રુઓ પર વિજય મેળવી શકો, કોર્ટ કચેરીમાં રાહત મળે, અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો.

### મૃતકના પરિવારજનોએ શંકા વ્યક્ત કરતા શ્રી વિરજીભાઇ ઠુમ્મરે પોલીસ તંત્રને રજુઆત કરેલ

# રાજુલામાં યુવાનને ગળાફાંસો આપીને પતાવી દેવાયો હતો : ખુનનો ગુનો દાખલ

### મરનારે ગળાફાંસો ખાઇ આપઘાત કર્યાનું પ્રાથમિક અનુમાન હતુ : કોઇએ માર મારી રમેશ વેગડનું ખુન કરી લાશને લટકાવી દીધેલ



રાજુલા, (જયદેવ વરૂ) અમરેલી જિલ્લામાં આવેલ ભેરાઈ રોડ ઉપર લીલાપીરની ધાર પાસે રહેતા ડી.જે.સાઉન્ડનો ધંધો કરતા રમેશભાઈ ભોળાભાઈ વેગડ ઉ.૩૫ ની લાશ તેમના ઘેર ગળાફાસો ખાધેલી નગ્ન હાલતમાં મળી આવી હતી. મરનારના શરીર ઉપર કોઈ મોટા ઈજાના નિશાન નહી હોવાને કારણે પોલીસે પ્રાથમિક દ્રષ્ટિએ આપઘાત કર્યાનું અનુમાન લગાવ્યું હતું અને અકસ્માતે મોતનો ગુનો દાખલ કરાયો હતો ત્યારબાદ પરિવાર જનો દ્વારા મૃતકની હત્યા કોઈ વ્યક્તિઓ દ્વારા કરવામાં આવી હોવાના ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા હતા ત્યારબાદ પોલીસે લાશને પેનલ પીએમ માટે ભાવનગર હોસ્પિટલમાં ખસેડવામા આવી હતી જોકે ભાવનગર ગઈ કાલે હોસ્પિટલમાં પરિવારજનો દ્વારા લાશ સ્વીકારવાનો ઈનકાર પણ કરવામાં આવ્યો હતો અને પોલીસ દ્વારા સમજાવટ કરી મામલો થાળે પાડી અંતિમવિધિ કાલે કરવામાં આવી હતી. આ બનાવ અંગે શ્રી વિરજીભાઈ ઠુમ્મરને મરનારના પરિવારે આ બનાવ અંગે જાણ કરી ન્યાય માંગતા શ્રી વિરજીભાઈએ પોલીસ તંત્રને આ ઘટનામાં તપાસ કરવા ઉગ્ર રજુઆત કરી હતી. આ ઘટનામાં અમરેલી એસપી હિમકરસિંહે ગંભીરતા દાખવી અમરેલી લોકલ ક્રાઈમ બ્રાન્ચને સૂચના આપતા અમરેલી એસપીની ટીમ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમો રાજુલા પહોંચી તપાસમાં જંપલાવ્યું છે અને અલગ અલગ દિશામાં રાજુલા પોલીસ અને લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ તપાસ હાથ ધરી છે શંકાસ્પદ વ્યક્તિઓની પૂછપરછ કરવામાં આવી રહી છે. અને અંતે ૨ દિવસ બાદ રાજુલા પોલીસ સ્ટેશનમાં હત્યાનો ગુન્હો નોંધાયો છે જેમા મૃતકની પત્ની કૈલાસબેનએ ફરીયાદ આપી અને અજાણ્યા શખ્સો સામે મરનારની પત્ની પોતાના બાળકો સાથે વેકેશનમાં ગઈ હતી પતિ રમેશભાઈ ઘરે એકલા હતા અને અજાણ્યા શખ્સોએ એ તેના પતિનું ગળું દબાવી હત્યા કરી નગ્ન લાશને ઠેલ ઉપર લટકાવી ગળાફાસો આપી દીધો હોવાનો ગુનો નોંધ્યો છે. આ ઘટનાથી રાજુલા પંથકમાં ચકચાર મચી ગઈ છે.

## કોટડાપીઠામાં પ્રૌઢનું ઝેરી દવા પી જતા મોત

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

બાબરા તાલુકાના કોટડાપીઠા ગામે રહેતા ઉમેશભાઈ ઘુસાભાઈ પલસાણા ઉ.વ. ૪૨ ઉપર ઘરની તમામ જવાબદારી હોય પોતે માનસિક રીતે અસ્વસ્થ રહેતા હોય. તા.૭-૫ ના પોતાની વાડીએ કોઈ ઝેરી દવા પી જતા સારવાર માટે દવાખાને ખસેડાતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું વિઠલભાઈ ભીખાભાઈ પલસાણાએ બાબરા પોલિસ મથકમાં જાહેર કરેલ છે.

## ધારીના છતડીયાના કુવામા પડી યુવાનનો આપઘાત

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) ધારી તાલુકાના છતડીયા ગામે રહેતા જયસુખભાઈ વલ્લભભાઈ થળેસા ઉ.વ. ૩૫ ને કોઈ ધંધો મળતો ન હોય અને પત્નિ સાથે અવાર નવાર બોલાચાલી થતી હોવાથી આજે તા. ૧૧ ના સવારના ૧૦ કલાકે ગ્રામપંચાયતના પાણીના ટાકામાં પોતે પડતું મુકી આપઘાત કરી લેતા મોત નિપજયાનું ગોરધનભાઈ વલ્લભભાઈ થળેસાએ ધારી પોલિસ મથકમા જાહેર કરતા બનાવની તપાસ હે. કોન્સ. એ.એમ. માંજરીયા ચલાવી રહયા છે.

# લીલીયાનાં ક્રાકચ પાસે લુંટ : ચાર આરોપી ઝડપાયાં

### આરોપીઓને લાઠી કોર્ટમાં રજુ કરતા કોર્ટે બે દિવસનાં રિમાન્ડ મંજુર કર્યા



અમરેલી,

મુળ કુતાણા ચોરા પાસે હાલ મુંબઈ રહેતા ઈમીટેશન જવેલરીના વેપારી મનોજભાઈ રામજીભાઈ માંગરોળીયા ઉ.વ.૪૮ તેમના સાળાના દિકરા ભવ્યભાઈ સાથે બાઈક પર જતા હતા ત્યારે બે અજાણ્યા પોતાનો સમાન ઈરાદો પાર પાડવા ગુનાહીત કાવતરું રચી ક્રાંકચ એસબીઆઈ બેંકમાંથી પૈસા ઉપાડતા બાઈકમાં પીછો કરી ક્રાંકચથી ભોરીગડા જતા રસ્તામાં મનોજભાઈ તથા તેમના સાળાના દિકરા ભવ્યભાઈને અજાણ્યા બે શખ્સોએ ગાળો બોલી મોઢા અને શરીરે મુંઢ માર મારી ધમકી આપી રોકડ રૂ/.૧,૯૦,૦૦૦ ભરેલી બેગની લુંટ ચલાવી બાઈક પર નાસી ગયાની નાસી ગયાની લીલીયા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવતા પીએસઆઈ એસ.આર.ગોહિલે ગણતરીનાં કલાકોમાં ગારીયાધારનાં વિજય મનસુખભાઈ બારૈયા, હરકિશન હરેશભાઈ ખસીયા, માહિર યુનુસભાઈ શાહ, સરફરાઝ ઉર્ફે શકુ વાહિદભાઈ ગોહિલને ઝડપી લઈ રૂા.૧,૫૪,૫૦૦નો લુંટનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને લાઠી કોર્ટમાં આરોપીઓને રજુ કરતા કોર્ટે બે દિવસનાં રિમાન્ડ મંજુર કર્યા હતાં.

# JEE - ધો. ૧૨ સાયન્સ, કોમર્સ અને આર્ટસમાં ધમાકેદાર રિઝલ્ટ આપ્યા બાદ, ધો ૧૦ ના પરિણામમાં પણ મોદી સ્કૂલે ડંકો વગાડયો

### ધો. ૧૨ સાયન્સનાં રિઝલ્ટમાં GUJCET & BOARD TOP TEN માં ૦૯ વિદ્યાર્થીઓએ સ્થાન પ્રાપ્ત કરેલું

રાજકોટ, (પ્રશાંત ચંચલ)

મોદી સ્કૂલનું વિઝન ઉત્કૃષ્ટ શિક્ષણ દ્વારા રાષ્ટ્રનું નિર્માણ'' આ સૂત્ર સાથે મોદી સ્કૂલની શુભ શરૂઆત થયેલ જે આજે NEET-JEE-FOUNDATION-BOARD-CA-CPT-IPMAT જેવી કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષામાં મોદી સ્કૂલ સમગ્ર સૌરાષ્ટ્રનાં શિક્ષણ જગતમાં ટોચના પરિણામો આપી રહી છે. અને એટલે જ સૌરાષ્ટ્ર ભરના શિક્ષણપ્રેમી વાલીઓની પ્રથમ પસંદગી એ Complete એ સ્કૂલ તરીકે મોદી સ્કૂલ રહેલ છે.

બોર્ડ JEE-NEET ના આવા ઉજળા પરિણામ માટે સ્કૂલની Continous પરીક્ષા પેર્ટન શિક્ષકશ્રી તથા આચાર્યશ્રીનું સતત માર્ગદર્શન તથા દરેક વિદ્યાર્થી પર વ્યક્તિગત કાળજી થકી શ્રેષ્ઠ પરિણામો શક્ય બને છે. દર વર્ષની જેમ આ વર્ષ પણ મોદી સ્કૂલના વિદ્યાર્થીઓએ ધોરણ-૧૨ સાયન્સ, કોમર્સ, આર્ટસ ધોરણ-૧૦માં સતત સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કરવાની પરંપરા જાળવી રાખી છે. આ સાથે ઊંચાઈની તમામ ગિરિમાળાઓ પણ આ શાળાના વિદ્યાર્થીઓએ સર કરેલ છે.

માર્ચ-૨૦૨૪ નાં ધો. ૧૨ સાયન્સનાં રિઝલ્ટમાં GUJCET & BOARD TOP TEN માં ૦૯ વિદ્યાર્થીઓએ સ્થાન પ્રાપ્ત કરેલ છે. તેમાં ૨૦૨૪ માં ધો. ૧૨ સાયન્સના રિઝલ્ટમાં ઓલઓવર સાયન્સ PR અને થિયરી PR એમ ત્રણેય PR માં ૯૯.૯૯ ગોજીયા મિલનએ પ્રાપ્ત કરેલ છે. તેજ રીતે ભલાણી પાર્થએ GUJCET માં ૯૯.૯૯ PR મેળવી બોર્ડ ફર્સ્ટ સ્થાન પ્રાપ્ત કરેલ છે. આ ઉપરાંત કુલ ૦૯ વિદ્યાર્થી બોર્ડ ટોપટેનમાં સ્થાન પ્રાપ્ત કરેલ છે. આ ઉપરાંત એન્જીનીયરીંગ તથા ફાર્મસીમાં એડમીશન માટે એવી GUJCET ની પરીક્ષામાં ૪૦ માંથી ૪૦ પુરા માર્કસ ધરાવતા ૬૧ વિદ્યાર્થીઓ છે. વર્ષ ૨૦૨૪માં દેશની કઠિન ગણાતી એવી JEE પરીક્ષામાં પણ મોદી સ્કૂલના વિદ્યાર્થીઓ અગ્રેસર રહી છે. મોદી સ્કૂલના ૬૫ વિદ્યાર્થીઓ ૯૯+PR મેળવ્યા જે સૌરાષ્ટ્રની કોઈપણ સ્કૂલ અથવા કોચીંગ કરતા વધુ છે. આ ઉપરાંત ૧૧૨ વિદ્યાર્થીઓ ૯૮+-PR મેળવેલ તથા ૨૩૮ વિદ્યાર્થીઓએ ૯૫+-PR મેળવેલ છે. હાલમાં જ મેડીકલ પ્રવેશ માટે લેવાતી NEET-૨૦૨૪માં પણ મોદી સ્કૂલે પોતાના રેકર્ડ બ્રેક કરે તે પ્રકારના પરીણામ અપેક્ષિત છે. જેમાં મોદી સ્કૂલના ૧૧૮ વિદ્યાર્થીઓ ૬૦૦+ ગત વર્ષે પણ મોદી સ્કૂલના માધ્યમથી ૨૩૯ વિદ્યાર્થીઓ MBBS પ્રવેશને પાત્ર બન્યા ગત વર્ષે IIT માં ૨૩ વિદ્યાર્થીઓ સાથે સમગ્ર ભારતદેશની આંતરરાષ્ટ્રીય ખ્યાત નામ કોલેજો જેવી કે IIT, NIT, IIIT, DAIICT, NRIMA, BITS વગેરેમાં ૨૧૨ વિદ્યાર્થીઓએ પોતાના B.Tech,/B.E માં એડમીશન પ્રાપ્ત કરેલ છે.

માર્ચ-૨૦૨૪ નાં ધો. ૧૨ કોમર્સના રિઝલ્ટમાં બોર્ડ ટોપ ટેનમાં ૫ વિદ્યાર્થીઓએ સ્થાન પ્રાપ્ત કરેલ છે. જેમાં બોર્ડ-7th મહેતા હર્ષ, ૯૯.૯૩ પીઆર, ચૌહાણ આયુષી ૯૯.૯૩ પી.આર., દવે ભુમિકા ૯૯.૯૩ પી.આર., પટોડીયા માનસી ૯૯.૯૨ પીઆર, સાથે બોર્ડ-8th મણિયાર કૃપા, ૯૯.૯૦ PR સાથે બોર્ડ-10th એ સ્થાન મેળવેલ છે. તેજ રીતે વિષય પ્રથમ ૧૦૦ માં ૧૦૦ માર્કસ ૩૫ વિદ્યાર્થીઓએ મેળવેલ છે. તેમાં આંકડાશાસ્ત્ર વિષયમાં ૧૭ વિદ્યાર્થીઓ, એસ.પી.સી.સી. વિષયમાં ૧૦ વાણિજ્ય વ્યવસ્થા વિષયમાં ૦૪ વિદ્યાર્થીઓ, નામાનાં મૂળતત્વો વિષયમાં ૦૩ વિદ્યાર્થીઓ, અર્થશાસ્ત્ર વિષયમાં ૦૧ વિદ્યાર્થીએ જ્યારે આર્ટ્સ વિભાગમાં રાજ્યશાસ્ત્ર વિષયમાં ૦૪ વિદ્યાર્થીઓ ૧૦૦માંથી ૧૦૦ માર્કસ મેળવેલ છે. A1 ગ્રેડમાં A2 વિદ્યાર્થીઓએ સ્થાન મેળવેલ છે.

આજ રોજ રોજ જાહેર થયેલ માર્ચ-૨૦૨૪ ની ધો. ૧૦ બોર્ડ પરીક્ષાનાં પરિણામમાં ૯૯.૯૯ પીઆર. સાથે આજ સુધીના સ્કૂલના ઈતીહાસમાં સૌથી વધુ ૬૦૦ માંથી ૫૯૦ માર્કસ પ્રાપ્ત કરનાર બે વિદ્યાર્થીઓ અને ગણિત વિષયમાં ૧૦૦/૧૦૦ માર્કસ મેળવનાર ૭૯, વિજ્ઞાન વિષયમાં ૨૩, સામાજિક વિજ્ઞાનમાં ૧૦૦/૧૦૦ માર્કસ મેળવનાર ૧૯ સંસ્કૃત વિષયમાં ૪૦. બોર્ડ-1st બે વિદ્યાર્થીએ પ્રાપ્ત કરેલ છે. ૯૯.૯૮ પીઆર સાથે ૦૧ બોર્ડ-2nd સ્થાન પ્રાપ્ત કરેલ છે. ૯૯.૯૭ પીઆર સાથે ૦૩ બોર્ડ-3rd સ્થાન પ્રાપ્ત કરેલ છે. બોર્ડ ટોપટેનમાં ૯૯.૯૦ પીઆર થી ૯૯.૯૯ પીઆર વચ્ચે ૨૦ વિદ્યાર્થીઓએ સ્થાન પ્રાપ્ત કરેલ છે. ૧૦૦માંથી ૧૦૦ માર્કસ મેળવી વિષય પ્રથમ સ્થાન ૧૬૧ વિદ્યાર્થીઓએ મેળવેલ છે. બોર્ડમાં A1 ગ્રેડ સાથે ૩૦૦ વિદ્યાર્થીઓએ પોતાનું સ્થાન મેળવી શાળા પરિવાર તથા પોતાના માતા-પિતાનું નામ રોશન કરેલ છે. આ બધા જ વિદ્યાર્થીઓ Std.9th, 10th મા સ્ટ્રોગ ફાઉન્ડેશન થકી હાલમાં STD.11 સાયન્સ/કોમર્સ/આર્ટસમાં એડમીશન મેળવી મોદી સ્કૂલના સંગાથે પોતાની ઉજવળ કારકિર્દી બનાવવામાં માટે પ્રવેશ મેળવેલ છે.

BOARD-JEE-NEET વર્ષો વર્ષ ઉચ્ચ પરિણામ અંગે સ્કૂલનાં સંસ્થાપક Dr.R.P.Modi Sir એ આ સફળતા અંગે જણાવ્યું કે અમો ૩૫ વર્ષથી સૌરાષ્ટ્રના વિદ્યાર્થીઓની શિક્ષણ પધ્ધતિ, ઘરનાં વાતાવરણ તથા તેઓના Education Culture ને સમજીએ છીએ. જેના કારણે શ્રેષ્ઠ પરિણામો શક્ય બને છે. હાલમાં NEET, JEE (Main+ Advanced) તથા Foundation Std.6 to 10 માટે 10 IITans, 4 NITians સાથે કુલ ૫૫ ફેકલ્ટીની મોટી તથા મોદી સ્કૂલ મેનેજમેન્ટની સૌરાષ્ટ્રની સાયન્સનાં વિદ્યાર્થીઓનાં માનસપટને સમજવાની ક્ષમતાના કારણે આવા શ્રેષ્ઠ પરિણામો મોદી સ્કૂલ મેળવી રહી છે. રાજકોટ તથા જામનગર સીટીમાં રહેતા વિદ્યાર્થીઓ માટે તો બરાબર પણ સૌરાષ્ટ્ર તથા ગુજરાતભરના વિદ્યાર્થીઓ માટે મોદી બોર્ડિંગ સ્કૂલ આર્શીવાદરૂપ છે. બોર્ડિંગ સ્કૂલનું શાંત, શિક્ષણ માટેનું શ્રેષ્ઠ આયોજન, રીડીંગ લાઈબ્રેરી તથા ડાઉબ્ટ કાઉન્ટર, મોબાઈલ તથા સોશિયલ મિડીયાનાં પ્રદૂષણોથી દૂર કુદરતી વાતાવરણ તથા સમક્ષ વિદ્યાર્થીઓ વચ્ચેની હરીફાઈનું તત્વ સૌરાષ્ટ્રભર તથા ગુજરાતભરનાં આવા હોશિયાર વિદ્યાર્થીઓને પોતાની ઉચ્ચ કારકિદીના ઘડતર માટેનો મજબુત પાયો પુરો પાડે છે.

મોદી સ્કૂલનાં શ્રેષ્ઠ પરિણામ બદલ સ્કૂલના સંસ્થાપક Dr.R.P.Modi Sir, Paras Sir, Heet Sir તથા Dhaval Sir એ બધા જ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે તથા સારી કારકિર્દી બનાવીને સ્કૂલ તથા માતા-પિતાનું ગૌરવ વધારે તેવી શુભકામનાઓ પાઠવી છે.



### બગસરામાં ટીટોડીએ ઇંડા મુક્યા

બગસરા તાલુકાના ખારી પાસે આવેલ ખીજડીયા ગામે ટીટોડીએ બે માળના ધાબા ની ટોચ ઉપર ઈંડા મુકતા અનેક તર્ક કવિતર આ વર્ષે પણ સારા વરસાદ થવાના એંધાણ જોવા મળ્યા જે તસવીરમાં નજરે પડે છે.

### ભ્રષ્ટ્રાચારી કોન્ટ્રાકટરો સામે ધારાસભ્ય શ્રી મહેશ કસવાળાની લાલ આંખ

# નબળી અને હલકી ગુણવત્તાના કામો સામે શ્રી કસવાળાએ કલેકટરને ફરીયાદ કરી

### કલેકટર અને ડીડીઓને પત્ર પાઠવીને પગલાં ભરવાની માંગ કરતા શ્રી કસવાળા



અમરેલી, સરકાર દ્વારા થતા કામોમાં નબળી ગુણવત્તાના કામો સામે હંમેશા અવાજ ઉઠવતા ધારાસભ્ય મહેશ કસવાળાએ કોઝવેના કામમાં થતી લોલમલોલ સામે લાલ આંખ કરીને કલેકટરને નબળી ગુણવતાની કામગીરી કરનારા સામે પગલાં ભરવાનો પત્ર પાઠવ્યો હતો જાણવા મળતી માહિતી મુજબ સાવરકુંડલા એ.ટી.વી.ટી યોજના તથા ધારાસભ્ય ફંડની ગ્રાનૂટથી બનેલ કોઝવેની (વર્ષ ૨૦૨૩/૨૪) નબળી કામગીરી બાબતે સાવરકુંડલાના ધારાસભ્ય મહેશ કસવાળા હંમેશા કહેતા આવ્યા છે કે ધારાસભ્ય પદ એ સેવાનું પદ છે ને સેવક બનીને સાવરકુંડલા લીલિયા વિધાનસભાની હંમેશા ચિંતા કરતા કસવાળાના ધ્યાને મોટાભમોદ્રા ગામે જેસર રોડને જોડતો મનુભાઈ બવાડીયાના ઘર પાસે કોઝવેનું કામ (એ.ટી.વી.ટી યોજના) તેમજ જુના ગામતળમાં જવા માટેના કોઝવેનું કામ (ધારાસભ્યફંડ) માંથી સાવરકુંડલા મોટાભમોદ્રા ગામે વિકાસના કામો માટે કોઝવે બનાવવાની યોજના માંથી કોઝવેના કામ સબબ વર્ષ ૨૦૨૩/૨૪ની નીચેની વિગતે ગ્રાનૂટની ફાળવણી કરવામાં આવેલ હતી કોઝવેના કામો સરકારશ્રીના નિયમો મુજબ ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવેલ છે આ બન્ને કોઝવેની નબળી ગુણવત્તાના કારણે ધારાસભ્ય મહેશ કસવાળાને અનેક ફરીયાદો મળતા આ બન્ને કોઝવેના કામો સરકારશ્રીના મુજબ કામગીરીઓ થયેલ ન હોવાનું જણાય રહ્યું હોય બન્ને કોઝવેના નબળા બાંધકામ તાત્કાલીક તોડી નવા કોઝવે બનાવવાની ખુબજ આવશ્યકતા છે તેમજ આ નબળા કામગીરી કરનાર સામે તાત્કાલીક નિયમાનુસારના પગલા લેવા ધારાસભ્ય મહેશ કસવાળાએ ખાસ વિનંતી સહ ભલામણ કરતો પત્ર અમરેલી કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીને પાઠવતા નામના નહિ પણ કસવાળા કહેવાયા છે જેમાં કોઈ પણ હલકી ગુણવત્તામાં કામો સામે ધારાસભ્ય કસવાળા કડકાઈ દાખવતા ધારાસભ્ય તરીકે કોન્ટ્રાક્ટરોમાં વધુ ઓળખાઈ છે.

## સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

# કપાસ ૯૬૬ થી ૧૫૧૦ મગફળી ૮૫૦ થી ૧૨૫૦

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૧૦૬૬-૧૨૧૫
શિંગમોટી-૮૫૦-૧૨૫૦
ધાણી-૧૧૭૦-૧૫૪૦
તલસફેદ-૨૦૦૦-૩૧૩૦
તલકાળા-૨૬૦૫-૩૨૫૦
એરંડા-૧૦૨૫-૧૦૬૪
ઘઉંટુકડા-૪૬૦-૬૮૮
ઘઉંલોકવન-૪૩૫-૫૮૩
મરચાલાંબા-૮૫૦-૨૦૬૦
ચણા-૧૦૨૫-૧૨૧૦
કપાસ-૯૬૬-૧૫૧૦
મકાઈ-૨૬૦-૪૧૮
અડદ-૧૩૪૦-૧૩૪૦
ધાણા-૧૧૨૦-૧૩૪૦
સોયાબીન-૭૦૦-૮૬૬
તુવેર-૧૬૬૦-૧૯૦૦
રાયડો-૮૫૦-૯૨૦

**અમરેલી શાકભાજી**
બટેટા-૨૪૦-૫૧૦
રીંગણા-૪૦૦-૫૦૦
ફલાવર-૫૦૦-૬૦૦
કોબીઝ-૧૬૦-૨૧૦
ટમેટાં-૩૦૦-૪૫૦
વટાણા-૧૪૦૦-૧૬૦૦
ગાજર-૨૫૦-૩૧૦
ગલકા-૧૦૦-૨૦૦
કાકડી-૨૨૦-૩૨૦
ગુવાર-૨૦૦-૫૦૦
દુધી-૧૪૦-૧૯૦
તુરીયા-૩૦૦-૪૦૦
ભીડો-૨૦૦-૩૦૦
આદુ-૨૧૦૦-૨૪૦૦
કોથમીર-૬૦૦-૭૦૦
મેથીભાજી-૪૦૦-૫૦૦
ટીંડોરા-૩૧૦-૪૧૦
લીમડોમીઠો-૧૫૦-૨૦૦
મરચાલીલા-૨૦૦-૬૦૦
લસણસુકું-૧૪૨૦-૩૦૨૦
લીંબુ-૧૬૦૦-૨૪૦૦
પાલક-૪૨૦-૫૨૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૨૫-૫૨૪
જુવાર-૪૬૬-૮૩૧
ઘઉં-૪૬૧-૫૩૦
રાય-૧૦૦૦-૧૦૦૦
ચણા-૧૧૫૦-૧૧૭૫
સુવા-૧૦૦૦-૧૦૦૦
તલ-૨૬૮૧-૨૮૨૪
મગ-૧૭૦૦-૧૭૦૦
સોયાબીન-
તુવેર-૧૫૦૦-૧૫૦૦
મેથી-

**મહુવાયાર્ડ**
ઘઉં-૩૮૯-૬૮૦
ડુંગળીલાલ-૮૫-૩૦૮
ડુંગળીસફદે-૧૭૮-૨૭૯
તલસફેદ-૨૫૨૫-૨૮૭૬
તુવેર-૧૬૫૧-૨૦૦૦
મકાઈ-૩૮૦-૪૦૦
ચણા-૧૧૫૧-૧૨૧૩
નાળીયેર-૫૨૧-૧૬૯૩
મેથી-૯૪૭-૧૧૧૧
કપાસ-૧૨૦૦-૧૪૧૯
અડદ-

**બાબરા**
કપાસ-૧૩૦૯-૧૫૨૧
એરંડા-૯૮૫-૧૦૨૫
ચણા-૧૧૪૪-૧૨૨૬
ઘઉં-૪૯૦-૫૪૦
જુવારસફેદ-૫૮૦-૭૬૦
જીરૂ-૩૬૯૦-૫૪૧૦
મગફળી-
તલસફેદ-૨૪૧૫-૨૬૩૫

**ધારી**
કપાસ-
તુવેર-૨૦૨૫-૨૦૨૫
મગફળી-૯૩૦-૧૧૨૦
શીંગદાણા-૧૭૨૫-૧૭૨૫
મગ-૧૮૨૬-૧૮૨૬
ઘઉં-૪૯૦-૫૧૬
મેથી-૧૦૭૬-૧૦૭૬
સોયાબીન-
એરંડા-૯૬૬-૯૬૬

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૧૦૦૦-૧૨૭૩
તલસફેદ-૨૬૦૦-૩૦૧૧
જીરૂ-૪૭૫૧-૫૪૨૧
તુવેર-૧૭૫૦-૨૦૫૦
કપાસ-૧૨૦૦-૧૪૯૦
ઘઉં-૪૬૦-૫૩૬
મેથી-૯૦૦-૧૦૪૯
ધાણા-૧૦૫૦-૧૩૭૫
ચણા-૧૧૨૫-૧૨૧૦
સોયાબીન-૮૦૦-૮૬૦
જુવાર-૪૫૦-૭૦૦

**ખાંભા**
કપાસ-૧૧૬૦-૧૪૬૦
તલ-૨૫૭૫-૨૭૦૦
ચણા-૧૧૪૦-૧૧૫૪
તુવેર-૧૫૧૦-૧૫૧૦
સોયાબીન-૮૦૨-૮૦૨
મકાઈ-
જુવારસફેદ-૬૬૮-૬૬૮
મગફળી-૯૩૦-૧૧૨૦

**બગસરા**
કપાસ-૧૧૦૦-૧૪૫૧
તુવેર-૧૭૦૦-૧૭૦૦
લસણ-૧૨૨૫-૨૬૯૦

ઘઉંલોકવન-૩૭૬-૫૨૦
ઘઉંટુકડા-૩૭૦-૫૧૧
તલસફેદ-૧૫૦૦-૨૬૬૦
ચણા-૧૧૦૩-૧૧૯૫
ધાણા-૧૧૪૦-૧૩૧૫
રાય-૭૦૦-૯૦૦
મગફળી-૧૦૩૫-૧૧૫૦
મગ-૧૬૫૦-૧૬૫૦

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૩૦૦-૫૨૦
દાડમ-૪૦૦-૧૧૦૦
મુસંબી-૫૦૦-૭૫૦
સંતરા-૫૦૦-૯૦૦
કીવી-૩૦૦૦-૫૧૦૦
ડ્રેગન ફ્રુટ-૨૨૦૦-૩૧૦૦
માલટા-૫૦૦-૭૦૦
ટેટી-૩૦૦-૬૫૦
કેળા-૪૦૦-૫૫૦
પોપૈયા-૩૦૦-૪૨૦
સફરજન હિમાચલ-
સ.કાશ્મીર-૨૦૦૦-૩૧૦૦
અનાનસ-૯૦૦-૧૨૦૦

**લીલીયા**
કપાસ-

### અમરેલી આજનુ તાપમાન

મહ ત્તમ તાપમાન
ન્યુનતમ તાપમાન
ભેજનું પ્રમાણ
પવનની ગતિ સરેરાશ-.

# કુંકાવાવ તાલુકા ભાજપ પ્રમુખ પર બુથના નાણાં કટકી કર્યાનો આક્ષેપ : પ્રમુખે પોલીસને લેખિતમાં ફરિયાદ કરી

## ચૂંટણીમાં બુથમાં કાર્યકર્તા માટે આપેલા નાણાં ચાઉં કરી ગયાની સોશ્યલ મિડીયામાં ચર્ચા

વડીયા, (ભીખુભાઈ વોરા)અમરેલી ના કુંકાવાવ માં લોકસભા ચૂંટણી માં ભારતીય જનતા પાર્ટી ના બુથ ના કાર્યકર્તા માટે બુથ દીઠ સ્લીપ, વિતરણ, એજન્ટ અને સમગ્ર દિવસ ના ચા, પાણી, ઠંડા પીણા ના ખર્ચ માટે રકમ આપવામાં આવે છે. આ રકમ સમગ્ર અમરેલી જિલ્લા ના બુથો માં આપવામાં આવેલી તેમથી માં પણ નવ જેટલાં બુથ હોવાથી મોટી રકમ આવેલી હતી. આ સમગ્ર વહીવટ પાર્ટીના સંગઠન દ્વવારા કરવામાં આવતો હોવાથી તાલુકા ભાજપ પ્રમુખ ગોપાલ અંટાળા દ્વારા આ રકમ ની ફાળવણી કરાઈ હતી તે રકમ કાર્યકર્તા સુધી ના પહોંચતા કુંકાવાવ માં ભાજપ કાર્યકર્તાઓનો કકળાટ ચાલુ થયો હતો. કુંકાવાવ ના સ્થાનિક વોટ્સઅપ ફોજી ગ્રુપ અને કુંકાવાવ પરિવાર નામના ગ્રુપ માં સરપંચ, ગોપાલ અંટાળા અને ભગા કુંજડીયા બુથના પૈસા ખાઈ ગયા ના મેસેજ વાઈરલ થતા ભાજપ માં ખડભાડાત જોવા મળ્યો હતો. આ બાબત થી અકળાઈ ને તાલુકા ભાજપ પ્રમુખ ગોપાલ અંટાળા દ્વારા

(અનુ. પાના નં.૬)

## અમરેલીમાં મોબાઈલ ચોરાયો

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

અમરેલી મોટા બસસ્ટેશન પાસે સાવરકુંડલાના રાજેશગીરી ભાણગીરી ગોસાઈનો વીવો કંપનીનો સીમ સાથેનો મોબાઈલ રૂ/.૭૦૦૦ ની કિંમતનો ભીડનો લાભ લઈ કોઈ ચોરી ગયાની અમરેલી સીટી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.


**બાલક્રિષ્ના ટ્રેક્ટર્સ**

*શરતોને આધિન

પ્રસ્તુત છે નવુ આયસર 188 (મીની) ટ્રેક્ટર

ગર્વમેન્ટ સબસીડી માન્ય

નાનુ મોટુ બધુ કામ થયુ આસાન



- ઓઇલ બ્રેક
- મલ્ટિ સ્પીડ પી.ટી.ઓ.
- સાઇડ ગેર

રાજુલા, સાવરકુંડલા, અમરેલી મો.૯૯૦૪૩૨૨૬૬૧/૬૩/૬૫



**આસ્થા હોસ્પિટલ હવે થી**

બીમ્સ આસ્થા મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલના નામથી રેગ્યુલર શરૂ છે



**ડો.અશોક એન.પરમાર**

હોસ્પિટલમાં નિયમીત ઓપીડી સમય તથા ઇમરજન્સી માં ૨૪ X ૭ કલાક મળશે

નોંધ :- ડો.અશોક એન.પરમારના કન્સલ્ટીંગ ફી માં કાંઇપણ વધારો કરેલ નથી

**બીમ્સ આસ્થા મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ - અમરેલી**

આ દરેક નંબર પર કોલ કરી કેશ લખાવી શકો છો

(૦૨૭૯૨) ૨૨૫૮૪૦, ૨૨૧૮૨૮ ૩૫૪૪૪૪, મો.૯૬૩૮૫ ૩૮૫૦૫, ૯૪૨૪૪ ૮૨૦૦૦, ૯૪૨૪૪ ૮૩૦૦૦



**ખુબ ખુબ અભિનંદન**



અ.જી.મ.સ. બેંક લી. ના ચેરમેન તરીકે સતત ૩૦ વર્ષથી અવિરતપણે સેવા આપનાર **શ્રી દિલીપભાઇ સંઘાણી** ની ઇફકોમાં ચેરમેન તરીકે સતત બીજી વાર બિનહરીફ વરણી થવા બદલ ખુબ ખુબ અભિનંદન તેમજ આજે શ્રી દિલીપભાઇ સંઘાણી સાહેબને તેમના ૭૧ માં જન્મદિવસની અઢળક શુભકામનાઓ. પરમાત્મા તેઓને તંદુરસ્ત દીર્ઘાયુ અર્પે.

શુભેચ્છક ::-

**શ્રી દામનગર નાગરિક શરાફી સહકારી મંડળી લી.**

હરજીભાઇ કે.નારોલા - ચેરમેન

દિનેશભાઇ આર.પટેલ - મેનેજર

તથા બોર્ડ ઓફ ડિરેક્ટરશ્રીઓ



**ખુબ ખુબ અભિનંદન**



અઢારેય વરણના લોકમાન્ય નેતા, સહકાર જગતનું સર્વોચ્ચ નેતૃત્વ, ખેડુતપુત્ર, હજારો કાર્યકર્તાઓનું ઘડતર કરનાર, અમરેલી જિલ્લા ભાજપનું વટવૃક્ષ, અ.જી.મ.સ. બેંક લી. ના ચેરમેન તરીકે સતત ૩૦ વર્ષથી અવિરતપણે સેવા આપનાર **માન.શ્રી દિલીપભાઇ સંઘાણી** ની ઇફકોમાં ચેરમેન તરીકે સતત બીજી વાર બિનહરીફ વરણી થવા બદલ ખુબ ખુબ અભિનંદન તેમજ આજે શ્રી દિલીપભાઇ સંઘાણી સાહેબને તેમના ૭૧ માં જન્મદિવસની અઢળક શુભકામનાઓ. પરમાત્મા તેઓને તંદુરસ્ત દીર્ઘાયુ અર્પે.

-:: શુભેચ્છક ::-

**હિરેન ચાવડા - દક્ષાબેન ચાવડા**

ચાવડા પરિવાર મુ.ચિતલ



**ઇફ્કોના બિનહરીફ સુકાનીને હાર્દિક અભિનંદન**



અઢારેય વરણના લોકમાન્ય નેતા, સહકાર જગતનું સર્વોચ્ચ નેતૃત્વ, ખેડુતપુત્ર, હજારો કાર્યકર્તાઓનું ઘડતર કરનાર, અમરેલી જિલ્લા ભાજપનું વટવૃક્ષ, અ.જી.મ.સ. બેંક લી. ના ચેરમેન તરીકે ઘણા સમયથી અવિરતપણે સેવા આપનાર **શ્રી દિલીપભાઇ સંઘાણી** ની ઇફકોમાં ચેરમેન તરીકે સતત બીજી વાર બિનહરીફ વરણી થવા બદલ ખુબ ખુબ અભિનંદન તેમજ આજે શ્રી દિલીપભાઇ સંઘાણી સાહેબને તેમના ૭૧ માં જન્મદિવસની અઢળક શુભકામનાઓ અને ખુબ ખુબ શુભેચ્છાઓ.

-:: શુભેચ્છક ::-

**અમરેલી જિલ્લા સ.ખ.વેચાણ સંઘ લી.**



શ્રી જયંતીભાઇ પાનસુરીયા
પ્રમુખશ્રી

શ્રી દિપકભાઇ માલાણી
ઉપપ્રમુખશ્રી



-:: બોર્ડ ઓફ ડિરેક્ટરશ્રીઓ ::-

મનુભાઇ કસવાળા - હરજીભાઇ નારોલા - હિંમતભાઇ પાનશેરીયા - એમ.આર.ધાનાણી - મગનભાઇ વિરાણી
ચતુરભાઇ દેસાઇ - બાબુભાઇ સખવાળા - ભીખાભાઇ કલસરીયા - હસુભાઇ વરૂ - કલ્પેશભાઇ ગજેરા
અશોકભાઇ શેલડીયા - જયસુખભાઇ સંઘાણી - વિઠલભાઇ ગઢીયા - એસ.આર.સંઘાણી (મેનેજરશ્રી)



સૌરાષ્ટ્રની તમામ શાળાઓ કરતા સૌથી વધુ સફળતાનો દર ધરાવતી સંસ્થા

**અલ્ટ્રા ક્રિએટીવ સંકુલ**

Std. 11-12 SCIENCE (GUJ. MEDIUM) - JEE - NEET - GUJCET

JEE - NEET - BOARD - GUJCET એમ દરેક ક્ષેત્રોમાં શ્રેષ્ઠત્તમ પરિણામ આપતી હોસ્ટેલ સુવિધા સાથેની સંસ્થા



JEE-2024
કમાણી હરપલ (કેશોદ)
99.33



NEET-2023
B.J. MEDICAL
માંડલિયા ક્રિષ્ના (ઉના)
668 / 720



NEET-2023
B.J. MEDICAL
હડિયા પ્રદિપ (મહુવા)
657 / 720



NEET-2024
EXPECTED
પલાડિયા દિવ્યેશ (બાખલવડ)
622 / 720



NEET-2024
EXPECTED
વિસાવેલીયા ધ્રુવિ (ભેંસાણ)
619 / 720

**ક્રિએટીવ હોસ્ટેલ** ધો. 11-12 સાયન્સના વિદ્યાર્થીઓ માટે રાજકોટમાં પોતાની જ હોસ્ટેલની ઉત્તમ સુવિધાસભર સંસ્થા (દિકરીઓ માટે અલગ હોસ્ટેલની સુવિધા)

માત્ર ધો.11-12 સાયન્સ માટેનું જ સંકુલ કે જયાં 18 વર્ષ થી માત્ર એક જ શાળાને સમર્પિત હોય તેવી વિષય શિક્ષકોની ટીમ



| કયાડા સર | ભાલોડીયા સર | કાલરીયા સર | ડોબરીયા સર | કાપડીયા સર |
|---|---|---|---|---|
| મેથ્સ | કેમેસ્ટ્રી | ફિઝીકસ | બાયોલોજી | કેમેસ્ટ્રી |
| 98793 43564 | 90339 91166 | 90339 91133 | 97239 83899 | 97278 95621 |

**અલ્ટ્રા ક્રિએટીવ સંકુલ-રાજકોટ**

આઉટ ઓફ ધ બોક્ષની બાજુમાં, ન્યારી ડેમ-1, કાલાવડ રોડ, રાજકોટ.

ADMISSION CONTACT : 90 33 88 11 77 / 90 33 11 00 11



જ્ઞાનદિપ એજ્યુકેશન & ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત

**દેસાઈ એજ્યુકેશન-હડાળા**

બગસરા-કુંકાવાવ રોડ, મુ. હડાળા, તા. બગસરા જિ. અમરેલી.



શ્રી ધીરૂભાઈ એમ. દેસાઈ
સંસ્થાના સ્વપ્નદ્રષ્ટા

- ધો. ૧ થી ૧૦ માં સ્માર્ટ ટી.વી. ના માધ્યમથી શિક્ષણ કાર્ય
- વિશેષ ટ્રેનિંગ મેળવેલ જવાબદાર શિક્ષકો અને સંચાલકની સંપૂર્ણ હાજરી
- ક્વોલીફાઇડ અને પ્રેમાળ સ્ટાફ
- ગુજરાત બોર્ડની સાથે જ JEE/NEET/GUJCET ની વિશેષ તૈયારી



S.S.C. BOARD - 2024 નું ઝળહળતું પરિણામ

**દેસાઈ એજ્યુકેશનનું પરિણામ - ૯૮.૧૮ %**

: કાર્યક્ષેત્ર :
LKG થી ધો. ૮, ધો. ૯
ધો.૧૦
ધો. ૧૧-૧૨ કોમર્સ,
ધો. ૧૧-૧૨ સાયન્સ

1 
ગજેરા પ્રિયાંશી
P.R. : 99.96

2 
ગેવરીયા જેન્સી
P.R. : 99.59

3 
સાગઠીયા નિયતી
P.R. : 99.35


અદ્યતન સુવિધા સાથે Boys Hostel


ડોબરીયા જેનિલ
P.R. : 96.90


આસોદરીયા મિત
P.R. : 96.51


ટીંબડીયા ફેના
P.R. : 96.23


ખોખર જય
P.R. : 95.82


પરમાર સ્નેહા
P.R. : 91.31


તળાવિયા નિધી
P.R. : 90.74

90 PR ઉપર મેળવતા વિદ્યાર્થીઓની સંખ્યા : ૯    80 PR ઉપર મેળવતા વિદ્યાર્થીઓની સંખ્યા : ૧૪

મંદિર પરીસરમાં જ આસ્થાનું પ્રતિક એવું નયનરમ્ય મંદિર



બાળકોને અપ-ડાઉન માટે બસની સુવિધા



**એડમિશન ઓપન**

મો. ૯૬૦૧૨ ૭૭૬૨૩ / ૯૬૬૪૫ ૪૫૧૧૫